# ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ

નંબર. ફજદ/વશી.(હસ્તલિખિત)/૨૦૨૦
તા.૦૫/૧૦/૨૦૨૦

પ્રતિ,

જાહેર જનતા જોગ,

મને જાણવા/બતાવામાં આવેલ છે કે, ભારત નિર્વાચન આયોગ દ્વારા ૧૭૩-ડાંગ(અ.જ.જા) વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૨૦ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અત્રેના ડાંગ જિલ્લામાં આગામી તા.૦૩/૧૧/૨૦૨૦ના રોજ વિધાનસભાની ચૂંટણીઓ યોજનાર છે. આ સમય દરમ્યાન જુદા જુદા હરીફ જૂથો વચ્ચે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે. જેથી આવા જુદા જુદા જૂથો વચ્ચે ઘર્ષણ થવાની સંભાવનાઓ નકારી શકાય નહી. તેમજ આ ઘર્ષણના કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ પણ થવા સંભવ રહે છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ- ૧૪૪ મુજબ પગલાં લેવા પૂરતું કારણ હોવાનો અભિપ્રાય છે.

તેથી હું ટી.કે.ડામોર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ,ડાંગ-આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આજથી તા.૧૦/૧૧/૨૦૨૦ના રોજ સુધી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચેની વિગતે પ્રતિબંધ મૂકવા હુકમ કરું છું.

(૧) ચાર કે તેથી વધુ શખ્સોએ ભેગા થવું નહી. સભાઓ ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.
(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો પોકારવા નહી.
(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહી.

વધુ આદેશ કરૂ છું કે, ઉપર જણાવેલ પ્રતિબંધો જે માણસો સરકારી નોકરીની કામગીરીમાં રોકાયેલ હશે તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તાર માંથી સ્મશાન યાત્રામાં જતાં ઈસમોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૦૫/૧૦/૨૦૨૦ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ-આહવા

(ટી.કે.ડામોર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,

મેનેજરશ્રી,

છાપકામ અને લેખન સામગ્રી, વડોદરા

૨/- ઉકત જાહેરનામું આવતા રાજયપત્રકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલવા વિનંતી છે.

**નકલ સવિનય રવાના::**

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં.૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

૨. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સુરત, રેન્જ જી.સુરત.

૩. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આહવા જી.ડાંગ.

૪. અધિક નિર્વાચન અધિકારી અને સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર

**નકલ જય ભારતસહ રવાના:-**

૧. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા તરફ: બહોળી પ્રસિધ્ધિ સારૂ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

૨. પ્રિન્સીપાલ એન્ડ સીવીલ જજશ્રી, સેશન્સ કોર્ટ, આહવા જી.ડાંગ.

૩. જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી (ફ.ક.), આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

૪. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આહવા જી.ડાંગ તરફ.

૫. મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, આહવા જી.ડાંગ.

**નકલ રવાના:-**

૧. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આહવા /વઘઇ/સુબીર જી.ડાંગ.

૨. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, આહવા/વઘઇ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૩. ચીફ ઓફીસરશ્રી, નોટીફાઇડ એરીયા કચેરી, સાપુતારા જી.ડાંગ.

૪. ચૂંટણી શાખા તરફ: જાણ તથા જરૂરી અમલવારી સારૂ.

**નકલ વધારાની પાંચ નકલો સહિત રવાના:-**

માહિતી નિયામકશ્રી, આહવા ડાંગ તરફ:

૨/- ઉકત જાહેરનામું આઈટમ ઓફ ન્યૂઝ તરીકે વર્તમાનપત્રમાં વિના મૂલ્યે લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરવા સારૂ.

નકલ: કચેરીના નોટીસ બોર્ડ ઉપર

## <u>મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સને ૧૯૫૧ના મુંબઇ-૨૨) ની કલમ-૩૭(૧) (છ) અન્વયેનો હુકમ</u>

નંબર. ફજદ/વશી. ૮૫૬૪થી૮૫૮૬ /૨૦૨૦
તા.૦૫/૧૦/૨૦૨૦

ભારત નિર્વાચન આયોગ દ્વારા ૧૭૩-ડાંગ(અ.જ.જા) વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૨૦નો કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ જીલ્લામાં મતદાનની તા.૦૩/૧૧/૨૦૨૦ તેમજ મતગણતરીની તા.૧૦/૧૧/૨૦૨૦ નક્કી કરવામાં આવેલ છે. મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમ ૨૨) ની કલમ-૩૭(૧)(છ) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું ટી.કે.ડામોર, (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, મત વિભાગોની પેટા ચૂંટણી-૨૦૨૦ની તબક્કાવાર પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી આચાર સંહિતાને ધ્યાનમાં રાખતા કાયદો-વ્યવસ્થાની જાળવણી સારૂ તથા જાહેર હિત અને જાહેર સલામતીને કારણે ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ આજથી તા.૧૨/૧૧/૨૦૨૦ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

૧. કોઈપણ ઉમેદવાર કે વ્યકિતએ પોતાના ચૂંટણી પ્રચાર અંગે જાહેર માર્ગો સાર્વજનીક માર્ગો, જાહેર કે સરકારી મકાનો, જગ્યાઓ, મિલ્કતો કે માર્ગો બંને બાજુઓ વાહન વ્યવહાર માટે વપરાતા પ્રવર્ત રહેતા રસ્તા ક્રોસીંગ, ચાર રસ્તા, એસ.ટી. સ્ટેન્ડ, શેરીઓના, નાકા-મકાનો જાહેર મિલ્કતો તથા વીજળી અને ટેલીફોન થાંભલા જેવી સરકારી મિલ્કતો સહીત તમામ પ્રકારની જગ્યાએ વિશાળ મકાનો દરવાજાઓ, જાહેર પાટીયા, બેનરો, ધજા, પતાકા, ભીત ચિત્રો વિગેરે ચૂંટણીના પ્રચાર માટે મુકવા કે ઉભા કરવા નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ ૨૨) ની કલમ -૧૩૧ (૪) મુજબ એક મહિના સુધીની કેદની સજા અથવા બસો રૂપીયા સુધીના દંડની અથવા બંને પ્રકારની સજાને પાત્ર થશે.

આજ તા.૦૫/૧૦/૨૦૨૦ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

(ટી.કે.ડામોર)
**અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ**
**ડાંગ-આહવા**

**પ્રતિ,**
મેનેજરશ્રી,
છાપકામ અને લેખન સામગ્રી, વડોદરા

૨/- ઉક્ત જાહેરનામું આવતા રાજયપત્રકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલવા

વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના::</u>

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં.૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

૨. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સુરત, રેન્જ જી.સુરત.

૩. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આહવા જી.ડાંગ.

૪. અધિક નિર્વાચન અધિકારી અને સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર

<u>નકલ જય ભારતસહ રવાના:-</u>

૧. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા તરફ: બહોળી પ્રસિધ્ધિ સારૂ તથાં જરૂરી કાર્યવાહી થવા સારૂ.

૨. પ્રિન્સીપાલ એન્ડ સીવીલ જજશ્રી, સેશન્સ કોર્ટ, આહવા જી.ડાંગ.

૩. જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી (ફ.ક.), આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

૪. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આહવા જી.ડાંગ તરફ.

૫. મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, આહવા જી.ડાંગ.

<u>નકલ રવાના:-</u>

૧. એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આહવા /વઘઇ/સુબીર જી.ડાંગ.

૨. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, આહવા/વઘઇ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૩. ચીફ ઓફીસરશ્રી, નોટીફાઇડ એરીયા કચેરી, સાપુતારા જી.ડાંગ.

૪. ચૂંટણી શાખા તરફ: જાણ તથા જરૂરી અમલવારી સારૂ.

<u>નકલ વધારાની પાંચ નકલો સહિત રવાના:-</u>

માહિતી નિયામકશ્રી, આહવા ડાંગ તરફ:

૨/- ઉકત જાહેરનામું આઈટમ ઓફ ન્યૂઝ તરીકે વર્તમાનપત્રમાં વિના મૂલ્યે લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરવા સારૂ.

<u>નકલ</u>: કચેરીના નોટીસ બોર્ડ ઉપર